**<u>ફોજદારી કેસ.નં</u>. 564–2019**

## <u>આંક–૦૧ લગત હુકમ</u>

પોકાર કરતા આરોપી અને તેમના વિ.વ.શ્રી હાજર નથી, ફરિયાદી અને તેમના વિ.વ.શ્રી હાજર નથી. રેકર્ડ ધ્યાને લેતા સદરહું ફરિયાદ ફરિયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને આ કામનાં ફરિયાદપક્ષે હાલની ફરિયાદ **સને–૨૦૧૯** માં દાખલ કર્યા બાદ આરોપી વિરુદ્ધ પ્રોસેસ/સમન્સ જારી કરવાનો હુકમ કરવામાં આવેલો ત્યારથી આજદિન સુધી સદરહું કામ આરોપીનાં પ્રોસેસનાં સ્ટેજે ચાલી આવે છે. આ કામનાં ફરિયાદપક્ષે હાજર રહી આરોપી વિરુદ્ધ પ્રોસેસ જારી કરાવવા તથા જારી કરેલ પ્રોસેસ રસ લઈ બજવણી કરાવવા વિકલ્પે આરોપીના નવાં સરનામાં રજુ કરવાં પુરતી અને વાજબી તકો પુરી પાડવા છતાં, ફરિયાદપક્ષ હાજર રહેતા નથી અને તેને કારણે સદરહું કામ છેલ્લા **૦૭ વર્ષથી** ડેડવુડ હાલતમા પડી રહેલ છે. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ડાયરેક્શન ધ્યાને લેતાં જુના કેસોનો વહેલી તકે ન્યાયીક નિકાલ કરવા સુચના આપેલ છે પરંતુ, ફરિયાદપક્ષની નિષ્ક્રીયાતાને કારણે કેસ કાર્યવાહી આગળ વધી શકતી નથી. આ કામનાં ફરિયાદપક્ષની વર્તણૂક ધ્યાને લેતા, સદરહુ કામ આગળ ચલાવવામાં કોઈ રસ કે હિત હોય તેમ જણાતુ નથી. સદરહું કામ રોજેરોજનાં બોર્ડમાં ચઢાવવામાં આવે છે અને રોજેરોજનું બોર્ડ અપડેટ થાય છે. જો ફરિયાદપક્ષને સદરહું કામ આગળ ચલાવવામાં રસ હોત તો, તેઓએ જાતે અથવા કાનુની પ્રતિનિધિ મારફતે હાજર રહિ કાર્યવાહી આગળ ચલાવવા પ્રયાસ કરેલ હોત વિકલ્પે કોઈ કારણ રજુ કરેલ હોત પરંતુ, તેમ થવા પામેલ નથી જેથી, ફરિયાદપક્ષની સતત ગેરહાજરી અને નિષ્ક્રીયતાને કારણે ડિસપોઝ ઓફ કરવાનો હુકમ કરવામા આવે છે.

**તારીખ:૨૯/૦૬/૨૦૨૬**
**સ્થળ:અમદાવાદ**

**(આર. બી. સોલંકી)**
**૦૭માં એડી.ચીફ જ્યુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,**
કોર્ટ નં.૫૧,અમદાવાદ શહેર.
કોડ નંબર–**GJ–01009.**